શ્રી



શ્રી ઉદીચ્ય સેવા

“ સેવાધર્મ પરમગહન છે: યોગીઓને પણ અગમ્ય છે

રામનવમી સં. ૧૯૮૧   અંક ૫

પ્રકાશક: શ્રી ઉદીચ્ય સેવામંડળ સુખાવાડા.

શ્રી ઉદીચ્ય સેવા

" સેવાધર્મ પરમગહન છે; યોગીઓને પણ અગમ્ય છે "

રામનવમી સં. ૧૯૮૧ અંક ૫

પ્રકાશક: શ્રી ઉદીચ્ય [illegible] જુનાગઢ.

અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજનું

અઢારમું સંમેલન.

દર વર્ષે આપણી સમસ્ત જ્ઞાતિનું મોટું સંમેલન ભરાય છે આવું સંમેલન ચાલુ વર્ષે કાઠીઆવાડમાં હળવદ મુકામે ચૈત્ર વદ ૧ થી ૩ તા. ૧૦, ૧૧, ૧૨મી એપ્રીલે ભરાનાર છે તે પ્રસંગે સર્વ જ્ઞાતિ ભાઈઓ અને બ્હેનોને પધારવા સ્વાગત મંડળે આમંત્રણ પત્રિકાઓ કાઢી છે. આવી પત્રિકા આપણા પંચ ઉપર પણ આવી હશે. ચાલુ વર્ષથી સંમેલનના બંધારણમાં પ્રતિનિધિ મોકલવાની નવીન પ્રથા

દાખલ થઇ છે. અત્યાર સુધી જ્ઞાતિનો કોઇ પણ માણસ માત્ર ત્રણ રૂપીઆ ફી ભરે એટલે પ્રતિનિધિ થતો; હવે જ્ઞાતિના ૧૦ ઘરે એક એવી રીતે જેટલાં ઘર હોય તે પ્રમાણે પ્રતિનિધિ ચુંટી મોકલવાનો હક દરેક જ્ઞાતિને મળ્યો છે. આ રીતે આપણા ગામમાં જ્ઞાતિના લગભગ ૨૫૦ ઘર છે તો ૨૫ પ્રતિનિધિઓ ચુંટી આપણી જ્ઞાતિ તરફથી સંમેલનમાં આપણે મોકલી શકીએ છીએ. જુદા જુદા સ્થળોના આપણા જ્ઞાતિભાઇઓ એકઠા મળે, પરસ્પર વિચારોની આપલે કરે તેવે પ્રસંગે ભાગ લેવાથી આપણા જ્ઞાનમાં વૃદ્ધિ થાય, મન વિશાળ અને ઉદાર બને તથા આપણી સુધારણાના માર્ગ પણ હાથ લાગે એ વિગેરે અનેક લાભો થાય એ વાત સહેજે સમજી શકાય એમ છે. આશા છે કે આપણું પંચ એકઠું થઇ રીતસર પોતાના પ્રતિનિધિઓ ચુંટી સંમેલનમા મોકલશે. પ્રતિનિધિ તરીકે ન ચુંટાયલા પણ જુની રીતે પ્રતિનિધિ અથવા પ્રેક્ષક તરીકે સંમેલનમા જઇ શકે છે આપણા ગામના જ્ઞાતિ-ભાઇઓ આ વખતે સારી સંખ્યામા સંમેલનથી ભાગ લે એવી આશા વધારે પડતી નહિ ગણાય.

કન્યાકાળનો વ્હેમ.

(પાટણમા મળેલ સોળમા બાન્તવર્ષીય ઔદીચ્ય સંમેલનમા નીમાયલી લગ્ન સમિતિએ જે નિવેદન બ્હાર પાડ્યું છે તેમાંનો એક અગત્યનો ભાગ અમે નીચે ઉતારીએ છીએ. તંત્રી.)

બાળલગ્નનું મોટામા મોટું કારણ આ કન્યાકાળનો વ્હેમ છે. આપણામાં એવી સજ્જડ માન્યતા પેઠેલી છે કે છોકરી રજસ્વલા થાય તે પહેલાં તેનાં લગ્ન થવાં જ જોઇએ અને જો તેમ ન થાય તો તેનાં માબાપને મહા પાતક લાગે છે. રજસ્વલા ધર્મ છોકરીને સામાન્ય રીતે ચૌદ વર્ષે શરૂ થાય છે. વાતાવરણ પ્રમાણે આમાં મોડુવહેલું પણ થાય છે. કન્યાના સંબંધમાં આ હદ ઠરાવેલી હોવાથી તેના માબાપ લગ્નકરવા

ની ભારે ઉતાવળમાં પડે છે. કન્યાના બાપ લગ્ન લે એટલે વરવાળાથી ના પડાયજ નહિ. આમ બાળલગ્ન અને કજોડાં થાય છે અને ખાસ કરીને કન્યાના ભણતર પર તો છરી મુકાય છે. આ વ્હેમને માટે " **अष्टवर्षा भवेत्गौरी** " ઇત્યાદિવાળો શ્લોક બહુ કરીને જવાબદાર છે. આપણામાં સંસ્કૃત એટલું શાસ્ત્ર એ સમજણને આધારે જે વ્હેમો ચાલે છે એ ઉખડવા બહુ કઠિન છે. સ્મૃતિમાં તો એવાં વચન પણ છે કે કન્યા રજસ્વલા થાય છતાં સારો પતિ ન મળે તો ત્રણ વર્ષ સુધી તેણે રાહ જોઇ સારો પતિ મળ્યેથી લગ્ન કરવું. શાસ્ત્રોમાં તો પાછળથી અનેક ક્ષેપક શ્લોક દાખલ થએલા છે એમ ઘણા વિદ્વાનોનું કહેવું છે. વળી સ્મૃતિઓનાં બધાં વચનો વિધિનિષેધનાં વાક્યો નથી પણ જુદા જુદા કાળની સ્થિતિ દર્શાવનારાં પણ કેટલાંક વચનો છે એટલે વિધિનિષેધનાં વાક્યો અને ઐતિહાસિક સ્થિતિ [illegible] વાક્યો વચ્ચે ભેદ પડવો જોઇએ. વળી સ્મૃતિના ધર્મો સનાતન હોતા નથી પણ સ્થળ અને કાળ પરત્વે બદલાય છે. સ્મૃતિમાં તો અમુક સમયે માંસભક્ષણનું પણ પ્રતિપાદન કરેલું છે છતાં આપણે તે અને એવાં બીજાં અનેક વચનોનો સ્વીકાર કરતા નથી. અરે ! બ્રહ્મચર્યપાલન, પઠનપાઠન આદિ વર્ણાશ્રમના મુખ્ય ધર્મો જે આપણે માન્ય કરીએ છીએ તે બાબતમાં આપણે [illegible] આગ્રહ રાખતા નથી તે [illegible] અવગણનાનો ધર્મભંગ કે શાસ્ત્રઅનાદર જેવું આપણને લાગતુ નથી અને રજસ્વલા ધર્મની બાબતમાં આવો મનાગ્રહ રાખીએ છીએ એનો કંઈ અર્થ નથી. ધર્મશાસ્ત્રના અનેક વચનો હોય પણ ઈશ્વરે બુદ્ધિ આપી છે તે વડે તેમનો વિવેક તો કરવો જોઇએ. એટલું તો વિચારીએ કે રજસ્વલાધર્મમાં એવું શું છે કે તે પહેલાં લગ્ન થવુંજ જોઇએ. રજસ્વલાધર્મ પ્રાપ્ત થાય ત્યારથી સ્ત્રી ગર્ભધારણ કરવા યોગ્ય થાય છે અને તેથી ઋતુપ્રાપ્તિ વખતે તે પતિના સંસર્ગમાં ન આવે તો ઋતુ વ્યર્થ જાય અને ભ્રૂણહત્યાનું પાતક લગે તેમ મનાય છે. આ માન્યતા મૂર્ખતા ભરેલી છે. જેમ છોકરો મૂછનો દોરો ફુટવાની સાથે ભાયડો બનતો નથી તેમ ઋતુપ્રાપ્તિની સાથેજ કન્યા સ્ત્રી થઇ જતી નથી. માત્ર ગર્ભાશયના વિકાસની શરૂઆત થાય છે. અને છત્રીસ અટકાવ પછી એટલે ત્રણ વર્ષે તેનો વિકાસ સંપૂર્ણ થઇ રહે છે, અને ત્યારેજ એટલે લગભગ ૧૭ વર્ષની વયે તે ગર્ભધારણ

યોગ્ય બને છે. આ યોગ્યતા પહેલાં થએલા સંસર્ગથી સ્ત્રીને અને ભાવિ પ્રજાને ઘણી હાનિ પહોંચે છે આવો દાકતરી અભિપ્રાય છે. વળી પ્રત્યેક ઋતુપ્રાપ્તિના સમયનો ઉપયોગ પ્રજોત્પત્તિમાં કરવો જ જોઇએ, નહિ તો ભ્રૂણહત્યા લાગે એવું જો હોય તો ઘણાં ઉત્તમ ચારિત્રવાન્ સ્ત્રીપુરૂષો આવી હત્યાનું પાપ વ્હોરે અને નરકે જાય. પણ આનો અર્થ એટલો જ લાગે છે કે ઋતુકાલ એજ પ્રજોત્પત્તિનો યોગ્ય સમય છે માટે ગૃહસ્થાશ્રમીએ પ્રજાને માટે જ મર્યાદાસર તે સમયનો ઉપયોગ કરવો.

બીજું એમ ગણાય છે કે ઋતુકાલ વખતે સ્ત્રીમાં કામાવેગ પ્રગટી નીકળે છે તેથી તેનું લગ્ન ન થયું હોય તો તે કુમાર્ગે જાય. આ પણ એક વ્હેમ છે. ઉપર બતાવ્યા મુજબ ઋતુપ્રાપ્તિની શરૂઆત માત્ર સ્ત્રીત્વના વિકાસનો પ્રારંભ બતાવે છે તે વખતે તેનામાં શારીરિક અને માનસિક અસ્વસ્થતા આવે છે પણ કામાવેગ જેવું થતું નથી. પરંતુ તેના સંપૂર્ણ વિકાસ થયા પછી તેને પુરૂષની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે; છતાંય તે ઇચ્છા પર સંયમ ન રાખી શકાય એવું નથી. સારા નૈતિક વાતાવરણમા મનુષ્ય આજીવન્ત બ્રહ્મચર્યવ્રત પાળી શકે છે. અનેક બાળવિધવાઓ આજીવન્ત પવિત્ર વૈધવ્ય ગાળી શકવાની શકિત ધરાવતી મનાય છે તો પછી કન્યા ત્રણચાર વર્ષ બ્રહ્મચર્ય પાળી ન શકે તેમ કેમ મનાય ? આ ઉપરથી જણાશે કે ઋતુકાલ પહેલા લગ્ન કરી દેવાની જરાય જરૂર નથી એટલું જ નહિ પણ તે કાલ પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષે એટલે લગભગ સત્તર વર્ષે કન્યાના લગ્ન થવાં જોઇએ. અને તેમ થાય તો કન્યાનો વિકાસ સંપૂર્ણ થાય; તે પોતાની કેળવણી પૂરી કરી ગૃહનો ભાર ઉપાડવા શકિતમાન થાય પણ આ વ્હેમ જવો એ પર્વત ઓળંગવા જેટલો મુશ્કેલ છે લગ્ન પહેલા કન્યા ઋતુમતી થયાના દાખલા કેટલાક બને છે પણ તે ખાનગી રખાય છે. કોઇએ આ વાત ઉઘાડી કરી હોય એવું આપણી જ્ઞાતિમાં સાંભળ્યું નથી. જો કે નાગર જેવી ઉચ્ચ બ્રાહ્મણ કોમમા ઘણી મોટી ઉમરે લગ્ન થાય છે અને રજોદર્શન ગુપ્ત રાખવામાં આવતું નથી. આપણામાં પણ કાલે કરીને તો ફેરફાર થશે પણ કેટલાક વીર જ્ઞાતિ બાઇઓ આ બાબતમાં સુધારો કરે અને રજોદર્શન થયા પછીજ પોતાની કન્યાને પરણાવે એટલુંજ નહિ પણ તે વાત ખુલ્લી કરે તો તેનો ભ્રમ ભાગી જાય કદાચ પ્રારંભમાં જ્ઞાતિ તરફથી વેઠવું પણ પડે પણ હિંમત રાખે તો ભવિષ્યમાં સુધારો જરૂર થાય.

પંચના બંધારણમાં સુધારા.

પરાપૂર્વથી ચાલતા આવેલા આપણા પંચના બંધારણમાં જમાનાને અનુસરી અનેક સુધારા કરવાની જરૂર ઘણાને જણાઇ છે. હાલના બંધારણનો ઇતિહાસ અને સ્થિતિ તેમજ તેમાં થવાં જોઇતા ફેરફારો વિષે લાંબી ચર્ચા કરવાનું આ સ્થાન નથી. પરંતુ ગયા વર્ષે ભાઇ અંબાલાલ રણછોડ, ભાઇ છગનલાલ રણછોડ, રાવળ છોટાલાલ બાપુજી, ભટ્ટ મોહનલાલ ગણપતરાય અને દવે ચંદુલાલ કાશીરામ એ પાંચ ભાઇઓની સહીથી બોલાવેલી એક સભામાં પંચના બંધારણનો જે ખરડો ઘડી કાઢવામાં આવ્યો હતો તે નીચે આપવામાં આવે છે. તે ખરડા ઉપર પોતાના લેખી અભિપ્રાય મોકલવાની જ્ઞાતિભાઇઓને અમો વિનતિ કરીએ છીએ. ખરડાની તરફેણમાં ઓછામાં ઓછી પચીસ સહીઓ આવશે તો તે ખરડો પંચમાં રજુ કરવામાં આવશે.

બંધારણ.

૧ અઢાર વર્ષ અને તેથી ઉપરની ઉમરનો જ્ઞાતિનો દરેક પુરૂષ પંચનો સભાસદ ગણાય.

૨ જ્ઞાતિનો મંત્રીજ નીચે પ્રમાણે (શુકલ મારફત) પંચ બોલાવી શકે:—

(૧) પોતાને યોગ્ય જણાય ત્યારે;

(૨) કોઇને ગામાત વિગેરે કરવાની રજા લેવી હોય અથવા પોતાની અંગત બાબત જ્ઞાતિ આગળ રજુ કરવી હોય ત્યારે તેની વિનંતિ ઉપરથી.

(૩) કોઇ તકરારી અથવા મહત્વની બાબત જ્ઞાતિ આગળ મૂકવાની પાંચ સાથના પાંચ માણસોની વિનંતિ ઉપરથી.

૩ જ્ઞાતિના દરેક ઘેર મંત્રીએ પંચનું તેડુ મોકલવું અને તેડા સાથે પંચ એકઠું થવાનું કારણ જણાવવું.

સામાન્ય બાબતમાં

૪ પંચનું કામ ચલાવવા માટે દરેક સાથના ઓછામાં ઓછા એક અને તકરારી અથવાં મહત્વની બાબતમાં ઓછામાં ઓછા પાંચ એ પ્રમાણે પચીસ માણસની હાજરી હોવી જોઇએ.

૫ પંચ એકઠું થાય ત્યારે મંત્રી તેની વ્યવસ્થા જાળવે.

૬ દરેક વર્ષે મંત્રીની ચૂંટણી નવેસરથી થાય.

૭ જે કામસર પંચ એકઠું થયું હોય તે સિવાયનું બીજુ કોઈ તકરારી અથવા મહત્વનું કામ તે વખતે રજુ થઈ શકે નહિ.

૮ દરેક ઠરાવ ઉપર પંચના દરેક માણસને બોલવાનો અને મત આપવાનો સરખો હક રહે

૯ જયાં સુધી એક માણસ બોલતો હોય ત્યાંસુધી બીજાથી વચમાં બોલાય નહિ.

૧૦ ઠરાવો બરાબર ચર્ચાયા પછી મંત્રીએ મતની ગણત્રી કરવી અને સર્વાનુમતે અથવા વધુ મતે ઠરાવો પસાર કરવા.

૧૧ પંચમા થએલા કામકાજની મંત્રીએ બરાબર નોંધ લખવી અને બીજી વખત પંચ ભરાય ત્યારે રજુ કરવી.

ઔદીચ્ય સેવામંડળના સેવકોની લાયકાત

ગયા વર્ષે ઔદીચ્ય સેવામંડળની સભા મળી ત્યારે તેનું બંધારણ નવેસરથી રચવાનો ઠરાવ થયો હતો. બંધારણમાં મુખ્ય પ્રશ્ન સભાસદોની લાયકાતનો છે ઘણું ખરૂ દરેક મંડળમાં આવી લાયકાતનો આધાર માત્ર અમુક વય અને લવાજમ ઉપર રહેલો હોય છે. પરંતુ જે ભાઇઓ જ્ઞાતિસેવા કરવા એકઠા થાય તેમની લાયકાત આટલેથી

પતે ? તેની લાયકાત તો ઘણી વિશેષ હોવી જોઇએ. જેનામાં સદા ચાર નથી, સંયમ નથી, તે બીજાની સેવા શું કરશે ? જે પોતાનું જીવન સુધારવા પ્રયત્ન કરતો નથી તે જ્ઞાતિને શું સુધારશે ? જે સુધારા જ્ઞાતિમાં કરાવવાનું તે ઇષ્ટ ગણતો હોય તે સુધારા તેણે પોતે તો કરવાજ જોઇશે. જ્ઞાતિના નાનામાં નાના માણસની હલકામાં હલકી સેવા કરવામાં પણ તેણે પોતાનું સદ્ભાગ્ય માની હમેશાં તૈયાર રહેવું પડશે આમ વિચારી ઔદીચ્ય સેવામંડળના હાલના અને હવે પછી થનાર સભ્યો સારૂ નીચેની સામાન્ય અને વિશેષ પ્રતિજ્ઞાઓ તૈયાર કરી છે. સભાસદે બધી સામાન્ય અને ગમે તે એક વિશેષ પ્રતિજ્ઞાનું પાલન કરવાના સોગંદ લેવા જોઇએ. આ પ્રતિજ્ઞાની લાયકાત ચર્ચા સારૂ રજુ કરી છે તે ઉપર મંડળના પ્રત્યેક સભ્ય અને તેની તરફ સહાનુભૂતિ ધરાવનાર સૌ કોઇ સૂચના કરે એવી વિનંતિ છે. જો મંડળના સભ્યોને આ નવીન પ્રકારની લાયકાત દાખલ કરવાનું પસંદ હશે તો મંડળના બંધારણમાં તે મુજબ ફેરફાર કરી બંધારણ નવેસરથી રચવામાં આવશે. સભ્યોએ પોતાના અભિપ્રાય એક માસની અંદર મંત્રીને મોકલી આપવા જેથી આવતા વૈશાખ માસમાં મંડળની સભા બોલાવી બંધારણ નક્કી કરવામાં આવે.

સામાન્ય પ્રતિજ્ઞાઓ.

૧ હમેશાં સદાચારી રહીશ.

૨ ગાયત્રી, સંધ્યા અથવા બીજી કોઇ પણ ઇશ્વરપ્રાર્થના હમેશાં કરીશ.

૩ બીડી. ભાંગ આદિ કેફી પદાર્થોનું સેવન કદિ કરીશ નહિ.

૪ લુણાવાડામાં હઇશ ત્યારે મંડળ જે જ્ઞાતિ સેવા ફરમાવશે તે કરીશ.

૫ મારી દીકરીને તેર વર્ષ પહેલાં અને દીકરાને અઢાર વર્ષ પહેલાં પરણાવીશ નહિ.

૬ સીમન્તની ન્યાત કરીશ નહિ અને જમીશ નહિ.

૭ ત્રીશ વર્ષથી ઓછી વયના ગુજરનારની પાછળનું જમણ જમીશ નહિ.

૮ મારે ત્યાં શુભ પ્રસંગે અને અશુભ ન્યાતના પ્રસંગે ઓછામાં ઓછા રૂ. ૫) મંડળને કેળવણી આદિ કાર્ય સારૂ આપીશ.

વિશેષ પ્રતિજ્ઞાઓ.

---

(૧) નશા, કૉફી, તંબાકું આદિ વ્યસન રાખીશ નહિ

(૨) શુદ્ધ ખાદી (હાથે કાંતેલા અને હાથે વણેલાં) નાં અથવા દેશી મીલનાં સુતર, રેશમ અથવા ઉનનાં દેશી મીલનાં વણાયલાં કપડાં પહેરીશ.

(૩) પરદેશી ખાંડ વાપરીશ નહીં

(૪) મારા દીકરાને ઓછામાં ઓછું વર્નાકયુલર ફાઇનલ અથવા અંગ્રેજી પાંચમા ધોરણ સુધી અને છોકરીને ગામમાં સગવડ હોય તો ઓછામાં ઓછું ગુજરાતી ૭ ધોરણ સુધી ભણાવીશ.

(૫) મ્હારી દીકરીને પંદર વર્ષ પહેલાં અને દીકરાને બાવીશ વર્ષ પહેલાં પરણાવીશ નહી. અને વર કન્યાની ઉમ્મર વચ્ચે ઓછામાં ઓછું પાંચ વર્ષનું અંતર રાખીશ.

(૬) જ્ઞાતિના કોઇ લગ્નમાં તેર વર્ષથી નાની ઉમ્મરની કન્યા અને અઢાર વર્ષથી નાની ઉમ્મરનો છોકરો પરણે તે લગ્નમાં હું કોઇ પણ પ્રકારે ભાગ લઇશ નહિ.

(૭) મરણ પાછળની ન્યાત જમાડીશ નહિ.

(૮) મરણ પાછળની ન્યાત મ્હારી મીલ્કતમાંથી કરીશ નહિ.

(૯) હું મારી વાર્ષિક આવકના ઓછામાં ઓછા બે ટકા અત્રેની જ્ઞાતિના શિક્ષણ ઉદ્યોગ સારવાર વિગેરે પાછળ ખર્ચવા મંડળને દરવર્ષે આપીશ.

ઔદીચ્ય સેવા સમાજના સભ્યો પ્રત્યે.

પ્રિય જ્ઞાતિભાઇઓ,

આપણી લુણાવાડાની જ્ઞાતિની સેવા કરવાના ઉદ્દેશથી આપે સમાજ સ્થાપી છે એ જોઇ અમને ખરેખર આનંદ થાય છે. આપની સમાજ અને અમારૂં મંડળ બન્ને એકજ માર્ગનાં પ્રવાસી છે. અને પ્રવાસમાં એક કરતાં બે ભલા' એ ન્યાયે જ્ઞાતિ સેવાના માર્ગમાં આપણે પરસ્પર સહાય રૂપ થઇએ એ બન્નેને ઇષ્ટ છે. પરંતુ આને બદલે શોકયોની માફક અરસપરસ લઢી મરીએ તો આપણે આપણાં બન્ને મંડળોની અને જ્ઞાતિની પણ અવદશા કરીએ. આપની સમાજે પત્રિકાઓ દ્વારા જે વલણ અખત્યાર કર્યું છે તે જોતાં આપણા વચ્ચે દ્વેષ થાય એવો ભય લાગવાથી કેવળ બંધુભાવે આ પત્ર લખવા અમે પ્રેરાયા છીએ.

અમારી બીજી પત્રિકામાં 'વાડાસામે વિરોધ' નામનો લેખ લખાયલો. આ પત્ર લખતી વખતે ફરીથી અમે તે લેખ વાંચી ગયા છીએ. છતાં તેમાં એક પણ શબ્દ કોઇનાપર આક્ષેપનો કે ખોટું લાગે એવો લખેલો અમને હજુ પણ જણાતો નથી. છતાં તેની સામે આપની પત્રિકામાં આંધળાનો ગોળીબારનો લેખ લખી અનેક પ્રકારના આક્ષેપો અમારા પર મૂકવામાં આવ્યા. આ પત્રિકા કોઇ ત્રાહિત માણસને પણ

રોષ ઉત્પન્ન કરે તેવી હતી, છતાં ત્યાર પછીની પત્રિકામાં અમે તે વિશે કંઇપણ ઉલ્લેખ સરખો પણ કર્યો નહિ. હવે અમારી ચોથી પત્રિકામાં 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર'નો લેખ લખાયો. આ લેખના પ્રત્યુત્તર રૂપે આપની છેલ્લી પત્રિકામાં જે લેખ લખાયો છે. તેણે તો હદ વાળી છે. ભાઇ ભૂલેશ્વર ધીરજરામ કાકાના કુટુંબ ઉપર અનેક જાતના અંગત આક્ષેપો આ લેખમાં કરેલા જોઇ અમારૂં હૃદય ઘણું દુઃખી થયું છે. ભાઇ કાકાને અમારા મંડળ સાથે કંઇ લેવાદેવા નથી તે લેખમાં તેમની કોઇ જાતની પ્રેરણા ન હોતી. જ્ઞાતિના કોઇ પણ માણસે આવું લગ્ન કર્યું હત તો પણ તેને સારૂ આવોજ લેખ લખાયો હત. આપ આવાં લગ્નોની વિરૂદ્ધ હો તો તેવાં લગ્નોની સામે ગમે તેટલો ઉહાપોહ કરો તેમાં અમારે કંઇજ કહેવા પણું ન હોય. પણ તેટલા સારૂ અંગત આક્ષેપો જ્ઞાતિજનો પર મૂકી તેમના હૃદયને આઘાત પહોંચાડવો એતો કેવળ અયોગ્ય કહેવાય. આ આક્ષેપો પૈકી એકતો કેવળ ખોટો છે તેમને ચોર્યાશી જ્ઞાતિબ્હાર મૂકવાનો ઠરાવ થયોજ નથી. તે સ્વેચ્છાએ ચોર્યાશીમાં જમવા નહોતા ગયા. તેમના કુટુંબના માણસોના પહેલાંના જ્ઞાતિ બહિષ્કારના પ્રસંગો સાચા હોય તો પણ તેમને હાલના પ્રસંગની સાથે કંઇજ સંબંધ નહોતો. બન્ને વેવાઇઓ વચ્ચે અગાઉથી કોઇ પ્રકારના કદિ કરાર થયાની વાત પણ કેવળ ખોટી છે તેની અમે પૂરી ખાત્રી કરી છે. જો શ્રી. કાકા ઉપર આક્ષેપો કર્યા વિના માત્ર આ પ્રશ્નની શુદ્ધ ભાવે ચર્ચા કરી હત તો આ પત્ર આપને લખવાની જરાય જરૂર નહોતી.

વળી જવાબદાર લેખો નનામા લખવાની રીત સારી નથી. તેથી કેટલાકને ભૂલેચૂકે પણ અન્યાય મળે છે. આપની છેલ્લી પત્રિકાના બધા લેખો લેખકની સહી વિનાના હોવાથી છેલ્લી કવિતાની હેઠળ ભાઇ પ્રાણજીવન સોમેશ્વર શુકલની સહી હોવાથી આખી પત્રિકાની જોખમદારી તેમને માથે અજાણપણે ઘણા ભાઇઓએ ઓઢાડી છે. કવિતા શિવાયના કોઇ પણ લેખમાં ભાઇ શુકલનો જરાય હાથ નથી તેવું તેમણે અમને જણાવ્યું છે આમ એમને ઘણો અન્યાય આપની સભાજ તરફથી, અને ખાસ કરીને પત્રિકાના તંત્રી તરફથી થયો છે

થનાર થઇ ગયુ. પરંતુ હવેથી આપ કોઇ વ્યકિતપર અંગત ટિકા કરવામાથી દૂર રહેશોએવી અમારી આગ્રહ પૂર્વક વિનંતિ છે. આપે ભવિષ્યમા આવી અંગત ટિકા નહિ કરવાનો ઠરાવ કર્યાનું સાંભળ્યુ છે. આશા છે કે આપ તે ઠરાવને જરૂર વળગી રહેશો. કોઇ પણ જ્ઞાતિ સુધારાના પ્રશ્નમા આપ અમારાથી વિરૂદ્ધ મત ધરાવતા હો તો બેલાશક નિધડક રીતે સુધારા વિરૂદ્ધ દલીલો રજુ કરશો, તેમા અમે રાજી થઇશુ અને રસ પૂર્વક ચર્ચામા ઉતરીશુ. અનેક તીવ્ર મતભેદો છતા આપણે પરસ્પર મીઠાશ જાળવીએ એજ અમારી ઇચ્છા છે.

બંધુઓ, અંતમા આપની સમાજનો અભ્યુદય, આપણી વચ્ચે સ્નેહની સાકળ અને એ સાકળ વડે જ્ઞાતિ સમસ્તને સાકળવાની મહેચ્છા રાખી વિરમીએ છીએ

આપના સ્નેહાભિલાષી બંધુઓ

ચંદુલાલ કાશીરામ દવે.

પ્રાણશંકર જેઠાલાલ જોષી

સાભાર સ્વીકાર· ભાઇ આદિતરામ મોતીરામ ગવાડી તરફથી રૂ. ૧) મડળને ભેટ તરીકે મળ્યા છે તે અમે સાભાર સ્વીકારીએ છીએ.

ક્ષમાપ્રાર્થના: અમારા કેવળ પ્રમાદને લીધે આ અંક બહાર પાડવામા ઘણો વિલબ થયા છે તે માટે ક્ષમાને પાત્ર ન છતા તેની યાચના જ્ઞાતિબંધુઓ પાસે કરીએ છીએ તે ઉદાર ભાવે અમને જરૂર મળશે એવી આશા રાખીએ છીએ.

ધી પરમાર પ્રીન્ટીંગ પ્રેસમા પરમાર હરીલાલ ત્રીકમલાલે છાપી
રીચીરોડ બાલાહનુમાન પાસે—અમદાવાદ.